# ઉત્તર ગુજરાતમાં કોરોનાની ગંભીર સ્થિતિ, એક દિવસમાં ૪૫૦૦ લોકો સંક્રમિત

## પ્રતિ મીનીટ સંક્રમિત 3 નવા કેસનો ઉમેરો, સતત ઈમરજન્સી-૧૦૮ દોડતી રહેતાં ભય વ્યાપ્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

ઉત્તર ગુજરાતમાં પણ કોરોનાની ગંભીર સ્થિતિ આકાર લઈ રહી છે. ગામડાઓની સાથે હવે શહેરી વિસ્તારોમાં સ્વયંભૂ લૉકડાઉન અમલી બન્યા છે. પાછલા ૨૪ કલાકમાં ઉત્તર ગુજરાતમાં ૪૫૧૦ સંક્રમિત કેસ સામે આવ્યા છે. એક જ દિવસમાં ૧૫૦૦નો ઉછાળો આવ્યો છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં પ્રતિમીનીટ ૩ નવા કેસનો ઉમેરો થઈ રહ્યો છે. પ્રજાએ હવે સાવધાની રાખવી પડશે અન્યથા સ્થિતિ વધુ બેકાબુ બનવાની શક્યતા દેખાય છે. દિવસ દરમ્યાન ઉત્તર ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ઈમરજન્સી-૧૦૮ સતત દોડતી રહેતાં પ્રજામાં ભય હાવિ થઈ ગયો છે.

કોરોનાએ બીજી લહેરમાં તરખાટ મચાવી દીધો છે. દરેક ઘર દીઠ એકાદ-બે સંક્રમિત કેસ નોંધાઈ રહ્યા છે. કોરોનાથી સંક્રમિત ન હોય તો વાયરલ ઈન્ફેક્શનની ઝપેટમાં પણ પરિવારના સભ્યો આવ્યાનું સ્પષ્ટ જણાતાં સામાન્ય છીંક આવે તો કોરોના તો થયો નથી ને તેવો ભય હાવિ થઈ જાય છે. ગત રોજ ઉત્તર ગુજરાતમાં એક જ દિવસમાં ૩૦૭૩ સંક્રમિત કેસ નોંધાયા હતા જે બીજા દિવસે વધીને ૪૫૧૦ને આંબી ગયા છે. દરરોજ ૪૫૦૦ કેસ નોંધાય તેના ઉપરથી જ ઉત્તર ગુજરાતમાં કોરોનાનું સંક્રમણ કેટલું બન્યું છે તેનો અંદાજ આવી શકે તેમ છે. ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લામાં સ્થિતિ વધુ બગડી રહી છે ત્યાં દૈનિક ૨૧૪૬ સંક્રમિત કેસ સામે આવ્યા છે ત્યારબાદ પાટણ ૧૦૭૭, બનાસકાંઠા ૫૪૧, સાબરકાંઠા ૪૮૫ અને અરવલ્લીમાં ૨૬૧ સંક્રમિત કેસ નોંધાયાનું આરોગ્ય વિભાગના સૂત્રો જણાવી રહ્યા છે.

# ટીંટીસર પ્રાથમિક શાળાની શિક્ષિકાને કોરોના ભરખી ગયો, જિલ્લાના ૩૦ પ્રાથમિક શિક્ષકો પોઝિટિવ

### કોરોના સંક્રમિત શિક્ષકોના સંપર્કમાં આવેલા અનેક પ્રા.શિક્ષકો, વિદ્યાર્થીઓ સંક્રમિત થયાની આશંકા

બાયડ તા.૨૦

કોરોના શિક્ષકો ઉપર યમદૂતની જેમ હાવિ થઈ ગયો છે.



મોડાસા તાલુકાની ટીંટીસર પ્રા.શાળાનાં શિક્ષિકા ગીતાબેન કચરાભાઈ વણકરનું કોરોનાના કારણે મોડાસાની ખાનગી હોસ્પિટલમાં મોત નિપજ્યું છે.

છેલ્લા એક પખવાડીયામાં કોરોના બે શિક્ષિકાઓને ભરખી જતાં શિક્ષક આલમમાં માતમ છવાયો છે. જિલ્લાના ૩૦ થી વધુ પ્રા.શિક્ષકો કોરોના પોઝિટિવ હોવાનું બહાર આવ્યું છે. કોરોના સંક્રમિત શિક્ષકોના સંપર્કમાં આવેલા અનેક પ્રા.શિક્ષકો, વિદ્યાર્થીઓ સંક્રમિત થયાની આશંકા છે.

કોરોનાની બીજી લહેર અરવલ્લી જિલ્લામાં સરકારી કર્મચારીઓ માટે પ્રાણઘાતક બની ગઈ છે. એક પછી એક સરકારના વિવિધ વિભાગના કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થઈ ગયા છે. કેટલાક હજુ પણ સારવાર હેઠળ છે. ગત પખવાડીયે માલપુરના પી.જી.મહેતા હાઈસ્કુલનાં શિક્ષિકાનું કોરોનાના કારણે મોત નિપજ્યું હતું. ત્યાં વધુ એક શિક્ષિકાનો કોરોનાએ ભોગ લીધો છે. ટીંટીસર પ્રા.શાળામાં તાજેતરમાં યોજાયેલા વધ-ઘટ બદલી કેમ્પમાં મૂકાયેલા ગીતાબેન વણકરને શરદી, તાવ આવ્યા પછી રિપોર્ટ કાઢવામાં આવ્યા હતા જેમાં તેઓ કોરોના સંક્રમિત હોવાનું જણાતાં મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવ્યા જ્યાં સારવાર દરમ્યાન તેમનું મોત નિપજતાં અરવલ્લી જિલ્લા પ્રા.શિક્ષક સંઘમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

### શાળાના અન્ય પ્રાથમિક શિક્ષિકા સંક્રમિત હોવાની આશંકા

બાયડ : ટીંટીસર પ્રા.શાળાનાં શિક્ષિકા ગીતાબેન વણકરનું કોરોનાથી મોત નિપજતાં પંથકમાં માતમ છવાયો છે. ત્યારે જાણવા મળ્યા મુજબ શાળાના અન્ય પ્રા.શિક્ષિકા પણ સંક્રમિત હોવાની આશંકાથી તેમને હાલ શાળામાં ન આવવા માટે આચાર્ય દ્વારા સૂચના આપવામાં આવી છે.

### પ્રાથમિક શિક્ષણ વિભાગ શિક્ષકોના જીવ બચાવવા માગતું હોય તો સંપૂર્ણ શાળાઓ બંધ કરાવે

બાયડ : જિલ્લામાં કોરોના હવે શિક્ષકોનો ભોગ લઈ રહ્યું છે. એક પછી એક મોડાસા અને માલપુર તાલુકાની શિક્ષિકાઓના મોતથી માતમ છવાયો છે. શાળાઓમાં શિક્ષણ કાર્ય બંધ છે પરંતુ શાળાઓ ખુલ્લી રાખી ૫૦ ટકા રોટેશન પ્રમાણે સ્ટાફ બોલાવવામાં આવે છે. અરવલ્લી જિલ્લામાં બિનસત્તાવાર આંકડા મુજબ ૨૦ હજારથી વધુ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે. સરકારી કોવિડ અને ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓ માટે જગ્યા નથી ત્યારે પ્રા.શિક્ષણ વિભાગ નિષ્ઠુર બન્યા વગર શિક્ષકોના જીવ બચાવવા માગતું હોય તો આગામી તા.૩૦ એપ્રિલ સુધી સંપૂર્ણ શાળાઓ બંધ કરાવે તેવી અનેક જાગ્રત નાગરિકોએ અપીલ કરી છે.

### માત્ર બાયડમાં જ ૧૨ પ્રાથમિક શિક્ષકો કોરોના સંક્રમિત

બાયડ : બાયડમાં પણ કોરોનાનું સંક્રમણ બેકાબુ બની ગયું છે. માત્ર બાયડમાં રહેતા ૧૨ થી વધુ પ્રા.શિક્ષકો કોરોનાથી સંક્રમિત છે જે પૈકીના મોટાભાગના હોમ ક્વોરન્ટાઈન થયા છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૧ હજારથી વધુ પ્રા.શિક્ષકોમાંથી પણ અનેક શિક્ષકો સંક્રમિત થઈ હોમ ક્વોરન્ટાઈન હોવાનું કેટલાક વિસ્તારોમાંથી જાણવા મળ્યું છે.

ગાંધીનગર સમાચાર ઈમ્પેક્ટ..

# વાત્રક સરકારી કોવિડ હોસ્પિટલમાં તાબડતોબ ફીજીશીયનની નિયુક્તિ

### ૬૦ ટકા દર્દી ઓક્સિજન ઉપર..!! : અન્ય સ્ટાફની અછત હોવાથી વધારાના સ્ટાફની નિયુક્તિ કરો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

વાત્રક સરકારી કોવિડ હોસ્પિટલમાં ડૉક્ટરના અભાવે સરસોલીના દર્દીનું મોત નિપજ્યાના અહેવાલ ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થયા પછી આરોગ્ય વિભાગ દ્વારા તાબડતોબ એમ.ડી. ફીજીશીયનની નિયુક્તિ કરવામાં આવી છે. વાત્રકની કોવિડ હોસ્પિટલમાં ૧૦૦ થી વધુ કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર ચાલી રહી છે. જેમાંથી ૬૦ ટકા દર્દી ઓક્સિજન ઉપર હોવાનું વિશ્વાસુ સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. ૪૦ બેડની હોસ્પિટલમાં વધારાના ૮૦ બેડ ઉમેર્યા પરંતુ અન્ય સહાયક સ્ટાફમાં વધારો ન કરાતાં દર્દીઓને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. સ્થાનિક વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા તાબડતોબ વાત્રક હોસ્પિટલમાં સ્ટાફની અછત દૂર કરે તેવું દર્દીઓના સગાઓએ જણાવ્યું છે.

જિલ્લામાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે. સરકારી અને ખાનગી કોવિડ હોસ્પિટલમાં ગત મધરાતથી દર્દીઓ માટે જગ્યા નથી અને અનેક દર્દીઓ વેઈટીંગમાં રહ્યા છે. કેટલાક દર્દીઓને સ્થાનિક પોતાના વિસ્તારની હોસ્પિટલમાં બેડ ન મળતાં અમદાવાદ, ગાંધીનગર અને હિંમતનગર ખસેડવામાં આવ્યા છે. વાત્રકની સરકારી કોવિડ હોસ્પિટલમાં એમ.ડી. ફીજીશીયનના અભાવે કોરોનાના કારણે ક્રીટીકલ અવસ્થામાં સરી પડેલા સરસોલી ગામના દર્દીને ઈન્જેક્શન હોવા છતાં આપવાનો સ્થાનિક સ્ટાફે ઈન્કાર કર્યો હતો. ત્યારબાદ દર્દીનું મોત નિપજતાં પરિવારજનોએ હોસ્પિટલ કેમ્પસમાં હોબાળો મચાવ્યો હતો. વાત્રકની કોવિડ હોસ્પિટલમાં સ્ટાફની અછત મુદ્દે સમગ્ર જિલ્લામાં ઘેરાપ્રત્યાઘાત પડ્યા. ગાંધીનગર સમાચારના અહેવાલ પછી તાબડતોબ મહિલા ડૉક્ટરની નિયુક્તિ કરવામાં આવી છે. જ્યારે વાત્રક હોસ્પિટલમાં અગાઉ કોવિડના દર્દીઓની સારવાર કરી ચૂકેલા ડૉ.મેહૂલ શાહ પણ કોરોનાને હરાવી સંપૂર્ણ સ્વસ્થ્ય થયા પછી કોવિડ હોસ્પિટલના સ્ટાફને જરૂરી માર્ગદર્શન આપવાનું શરૂ કર્યું છે પરંતુ વાત્રક હોસ્પિટલમાં જે રીતે દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે તે જોતાં વધુ સ્ટાફની નિયુક્તિ અનિવાર્ય છે. હાલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા કોરોનાના ૧૦૦ દર્દી પૈકી ૬૦ દર્દીઓને નિયમિતપણે ઓક્સિજન આપવો પડે છે તેમ જાણવા મળ્યું છે.

સાબરકાંઠાના આરોગ્ય કર્મચારીઓ માટે

# બેડ, વેન્ટીલેટર, ઓક્સિજન રીઝર્વ નહીં રખાય તો કામગીરીથી દૂર થઈ જવાની ચીમકી

### કલેક્ટરની સૂચના છતાં આરોગ્ય તંત્ર સાંભળતું નથી, ગત રોજ ફાર્માસીસ્ટના મોત પછી કર્મચારીઓમાં ગુસ્સો આસમાને

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

કોરોનાના કારણે દરેક જિલ્લાઓમાં સ્થિતિ વણસી રહી છે. સાબરકાંઠાના આરોગ્ય વિભાગને કલેક્ટર દ્વારા કર્મચારીઓ માટે બેડ, વેન્ટીલેટર અને ઓક્સિજન રીઝર્વની સૂચના આપી હોવા છતાં તેનો અમલ ન થયો અને ગત રોજ કોરોનાગ્રસ્ત ફાર્માસીસ્ટને સમયસર વેન્ટીલેટર ન મળતાં મોત નિપજ્યું. જેના કારણે રોષે ભરાયેલા આરોગ્ય કર્મચારીઓએ તત્કાલ કર્મચારીઓ માટે બેડ વેન્ટીલેટર અને ઓક્સિજન રીઝર્વ નહીં રખાય તો બુધવારથી કોવિડ-૧૯ની કામગીરીથી દૂર થઈ જવાની ચીમકી ઉચ્ચારતાં તંત્ર હરકતમાં આવી ગયું છે.



સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના આરોગ્ય વિભાગની નફ્ફટાઈ સામે કોરોનાગ્રસ્ત દર્દીઓ અને તેમના સગાઓનો આક્રોશ ચરમસીમાએ છે. એક સમય એવો હતો કે કોરોનાની પ્રથમ હરોળ દરમ્યાન આરોગ્ય અધિકારીઓની સેવાઓ વખાણવામાં આવી હતી અને તેમને સન્માનવામાં આવતા હતા પરંતુ કોરોનાની બીજી લહેરમાં આરોગ્ય અધિકારીઓ પોતાના તાબાના કર્મચારીઓને ભૂલી ગયા છે અને પોતે એ.સી. ચેમ્બરમાં આરામ ફરમાવી નાના કર્મચારીઓ મોતના મુખમાં ધકેલાય તેવા પ્રયાસ કરી રહ્યા છે. કોરોનાની સ્થિતિ બેકાબુ બન્યા પછી સાબરકાંઠા જિલ્લાના આરોગ્ય કર્મચારીઓએ કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર કરતાં કોઈ કર્મચારી ચેપગ્રસ્ત બને અને હાલત ગંભીર થાય ત્યારે તેના માટે બેડ, વેન્ટીલેટર અને ઓક્સિજન રીઝર્વ રાખવાની વાત કરી હતી. જિલ્લા કલેક્ટરે આરોગ્ય કર્મીઓની વાત વ્યાજબી હોવાથી સ્વીકારી આ અંગે આરોગ્ય તંત્રને સૂચના આપી દીધી હતી. પરંતુ ગત રોજ આરોગ્ય કર્મચારીને વેન્ટીલેટર ન મળતાં સારવાર દરમ્યાન મોત નિપજ્યું અને સાથી કર્મચારીઓમાં ગુસ્સો ચરમસીમાએ પહોંચ્યો. રોષે ભરાયેલા આરોગ્ય કર્મીઓએ હવે તત્કાલ આરોગ્ય કર્મચારીઓ માટે ચેપગ્રસ્ત બને ત્યારે સુરક્ષા માટેની સેવાઓ રીઝર્વ નહીં રખાય તો આવતી કાલથી કોવિડ-૧૯ની કામગીરીથી અડઘા થઈ જવાની ચીમકી સાથે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીને આવેદનપત્ર આપ્યું છે.

# બાયડમાં કોરોનાનું ભયંકર સ્વરૂપ, આવતી કાલથી સળંગ ૯ દિવસ સ્વૈચ્છિક લૉકડાઉન

### તમામ ધંધા-રોજગાર સ્વયંભૂ બંધ રહેશે, દૂધનાં પાર્લર સવારે ૯ સુધી, સાંજે ૫ થી ૮ ખુલ્લાં રહેશે : હોસ્પિટલ, દવાખાનાં તથા આવશ્યક સેવાઓને સ્વૈચ્છીક લોકડાઉનમાં મુક્તિ

બાયડ તા.૨૦

બાયડ તાલુકામાં કોરોનાએ કાળો કેર વર્તાવતાં અત્યાર સુધીમાં ૧૫ થી વધુ લોકોના મોત નિપજ્યા છે. પાછલા એક સપ્તાહથી બાયડ પાલિકા વિસ્તારમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. બાયડ વેપારી મથક હોવાથી ગ્રામ્ય વિસ્તારમાંથી પણ દરરોજ હજારો લોકો ખરીદી માટે આવી રહ્યા છે ત્યારે કોરોનાનું સંક્રમણ વધુ બેકાબુ ન બને તે માટે બાયડ પ્રાંત અધિકારી, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, બાયડ પાલિકા પ્રમુખ અને ચીફ ઓફીસર દ્વારા યોજાયેલી બેઠક પછી બાયડ પાલિકા વિસ્તારમાં ૯ દિવસ સ્વૈચ્છીક લૉકડાઉન જાહેર કરાયું છે. બુધવાર તા.૨૨ થી ૩૦ એપ્રિલ સુધી ધંધા-રોજગાર સંપૂર્ણ બંધ રહેશે. દૂધનાં પાર્લર સવારે ૯-૦૦ સુધી અને સાંજે ૫-૦૦ થી ૮-૦૦ ખુલ્લાં રાખવા માટે સૂચના આપવામાં આવી છે. હોસ્પિટલ, દવાખાનાં તથા આવશ્યક સેવાઓને સ્વૈચ્છીક લૉકડાઉનમાં મુક્તિ આપવામાં આવી છે. બાયડ પાલિકા દ્વારા જાહેર કરાયેલા ૯ દિવસના સ્વૈચ્છીક લૉકડાનમાં વેપારીઓ સ્વયંભૂ રીતે સહયોગ આપે તેવી પાલિકા દ્વારા અપીલ કરવામાં આવી છે.

કોરોનાને હરાવવા માટે હવે કોરોના ચેઈન તોડવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી. કોવિડ હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી છે અનેક દર્દીઓને છેલ્લા ૪૮ કલાકથી વેઈટીંગમાં રહેવું પડ્યું છે. આવનારા દિવસોમાં સંક્રમણ વધુ બેકાબુ બનવાની દહેશતથી એક પછી એક અનેક શહેરી વિસ્તારોમાં સ્વૈચ્છીક લૉકડાઉન વેપારીઓએ સ્વીકારી લીધું છે ત્યારે બાયડ પાલિકા વિસ્તારમાં પણ કોરોનાના સંક્રમણને અટકાવવા માટે સ્વયંભૂ સ્વૈચ્છીક લૉકડાઉનનું એલાન કરવામાં આવ્યું છે તે મુજબ આવતી કાલથી સળંગ ૯ દિવસ બાયડના તમામ ધંધા-રોજગાર બંધ રહેશે અને આ અંગે બાયડ પાલિકા દ્વારા દરેક વેપારીઓને કોરોના સામેની લડાઈમાં તંત્ર અને આરોગ્ય વિભાગને સહયોગ આપવા માટે અપીલ કરવામાં આવી છે. બાયડ પાલિકા વિસ્તારમાં ૯ દિવસનું લૉકડાઉન જાહેર થતાં ખરીદી માટે સમી સાંજે બજારોમાં મોટી ભીડ એકત્ર થઈ છે. બાયડ પાલિકા દ્વારા પ્રજાજનોને પણ ઘરની બહાર ન નિકળવા ખાસ અપીલ કરવામાં આવી છે.





### કોરોના બેકાબુ બનતાં સ્વૈચ્છીક લોકડાઉનનો નિર્ણય : પાલિકા પ્રમુખ

બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલે જણાવ્યું કે જિલ્લા સહિત બાયડ પાલિકા વિસ્તારમાં કોરોનાના દર્દીઓની સંખ્યા વધી રહી છે. વેપારી મથક હોવાથી ગ્રામ્ય વિસ્તારના લોકો પણ બાયડમાં મોટી સંખ્યામાં આવે છે આ સંજોગોમાં કોરોના વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કરે તેવી દહેશત હતી જેથી વહીવટી તંત્ર, વેપારી સંગઠનોના મળેલા અભિપ્રાય પછી આવતી કાલથી ૯ દિવસના સ્વૈચ્છીક લૉકડાઉનનો નિર્ણય લેવાયો છે જેમાં મેડીકલ અને આરોગ્યની સેવાઓ રાબેતા મુજબ ચાલુ રહેશે. બાયડના વેપારીઓ સ્વયંભૂ સ્વૈચ્છીક લૉકડાઉનમાં અગાઉની જેમ જ અમૂલ્ય સહયોગ આપે તેવી અપીલ કરાઈ છે.

### મોડાસામાં ૭ દિવસનું સંપૂર્ણ લોકડાઉન

જિલ્લામાં કોરોનાનું સંક્રમણ વધતાં જિલ્લાના વડા મથક મોડાસામાં મંગળવાર સાંજથી ૭ દિવસનું સંપૂર્ણ લૉકડાઉન જાહેર કર્યું છે. પ્રાંત અધિકારી, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, મોડાસા પાલિકા પ્રમુખ જલ્પાબેન ભાવસાર, ચીફ ઓફીસર જીજ્ઞેશભાઈ બ્રહ્મભટ્ટ વગેરેની ઉપસ્થિતિમાં બેઠક યોજવામાં આવી હતી જેમાં કોરોનાના વધતા કેસ બાબતે ચિંતા વ્યક્ત કરી વેપારીઓ સાથે પરામર્શ કરી સંપૂર્ણ લૉકડાઉન માટે ચર્ચા કરવામાં આવી ત્યારબાદ તંત્રના નિર્ણય અનુસાર મોડાસામાં ૭ દિવસનું સંપૂર્ણ લૉકડાઉન જાહેર કરાયું છે. એક પછી એક શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં લૉકડાઉન અમલી બનતાં કોરોના સામે લડતા આરોગ્ય વિભાગને આવનારા દિવસોમાં રાહત થઈ શકે છે.

### દુઃખદ અવસાન

બાયડના જયેશભાઈ પ્રજાપતિ (પ્રા.શિક્ષક : તખતપુરા પ્રા.શાળા) ના માતા મણીબેન



અમૃતભાઈ પ્રજાપતિ (ગાબટવાળા)નું નિધન થયેલ છે. કોરોનાની વર્તમાન સ્થિતિના કારણે માત્ર ટેલિફોનિક બેસણું તા.૨૩ એપ્રિલ, ગુરૂવારે સવારે ૧૦-૦૦ થી ૧-૦૦ તેમના નિવાસસ્થાન ૧૨૦, સ્વામિનારાયણ સોસાયટી, વિભાગ-૨, બાયડ ખાતે રાખેલ છે.

# ગાયત્રી શક્તિપીઠ-બાયડના પ્રચારક મનહરભાઈ પટેલ કોરોનાથી સંક્રમિત

### સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા, અત્યાર સુધીમાં ગાયત્રી પરિવારના ૧૦ સભ્યો સંક્રમિત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

ગાયત્રી શક્તિપીઠ-બાયડના પ્રમુખ અને પ્રચારક મનહરભાઈ એસ. પટેલ (અરજણવાવ) કોરોનાથી સંક્રમિત થતાં બાયડની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. કોરોનાથી સંક્રમિત થતાં ગાયત્રી પરિવારજનોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે તેઓ ઝડપી સાજા થઈ જાય તે માટે ગાયત્રી પરિજનો દ્વારા મહામૃત્યુજયના જપ કરવામાં આવ્યાનું પણ જાણવા મળ્યું છે.

કોરોનાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું ત્યારે અનેક સેવાભાવિ સંસ્થાઓ કોરોનાથી સંક્રમિત થયેલાઓની મદદે પહોંચ્યા છે. ગાયત્રી પરિવાર-બાયડ આજે વટવૃક્ષ બન્યું છે સમાજમાં વ્યાપેલા કુરિવાજો, લગ્ન પાછળના ખોટા ખર્ચ બંધ કરવા, વ્યસનમુક્તિ અભિયાન સહિતના અનેક કાર્યક્રમોથી ગાયત્રી પરિવારે લોક કલ્યાણના કામ કર્યા છે. કોરોના સંક્રમિત દર્દીઓ માટે દિવસ-રાત ખડે પગે રહેતા મનહરભાઈ પટેલ પણ કોરોનાથી સંક્રમિત થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે જેની વિગતો બહાર આવતાં સમગ્ર ઉત્તર ગુજરાત ઝોનના ગાયત્રી પરિજનોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. જો કે હોસ્પિટલ સૂત્રોના જણાવ્યા અનુસાર તેમની તબિયત સ્થિર અને સારી છે.


### ત્રીજી વાર્ષિક પુણ્ય તિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ.રેણુંકાબેન રજનીકાન્ત શાહ

Mõ. 1kk.h1-4-h018

ધુપસળીની જેમ ઘસાઈને બીજાને સુગંધ આપનાર, કલ્પી ન શકાય તેવી અણધારી વિદાય અમારૂ હૃદય કકપાવી ગઈ, જીવન એવું જીવી ગયા કે મૃત્યુ પણ રડી પડ્યું, પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને ચિરઃ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

આપના..

રજનીકાન્ત મફતલાલ શાહ (પતિ)

(પૂર્વ પ્રમુખ : બાયડ કેમીસ્ટ એસોસીએશન)

ભાવિન રજનીકાન્ત શાહ, પુત્ર
નિધિ ભાવિનકુમાર શાહ, પુત્રવધુ
નિશિ ભાવિનકુમાર શાહ, પૌત્રી
આર્યન ભાવિનકુમાર શાહ, પૌત્ર

બિરેનકુમાર કે. શાહ, જમાઈ
કિંજલ બિરેનકુમાર શાહ, દિકરી
નૈત્રી બિરેનકુમાર શાહ, ભાણેજ
સ્મિત બિરેનકુમાર શાહ, ભાણેજ

ચંપાબેન મફતલાલ જયચંદદાસ શાહ પરિવાર (સાઠંબાવાળા)
૪૫, ગોકુલેશ સોસાયટી, બાયડ, જિ. અરવલ્લી
ફર્મ : રાધે મેડીકલ સ્ટોર્સ, બાયડ (મો.૯૪૨૬૪૮૪૮૦૩)